# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫ રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦**

(વિભાગ : ૧ 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)

પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

**૧. જીવનું સ્વરૂપ. (૫૭) (૧)** જીવ પરમાણુ જેવો અતિ સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, પોતાની જ્ઞાનશક્તિએ કરીને સમગ્રદેહમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહ્યો છે. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઇત્યાદિ લક્ષણવાળો છે. **(૨)** જીવ ચેતનદ્રવ્ય છે, જે પોતાના જ્ઞાનરૂપી પ્રકાશે કરીને સર્વ કાંઈ જાણે છે, ગ્રહણ કરે છે. જેમ ઓરડીના મધ્યભાગમાં રાખેલ ફાનસના દીવાની હાજરીથી ઓરડીમાં ચારે કોર ગોઠવેલ સર્વ પદાર્થમાત્રનું જ્ઞાન થાય (દેખાય) છે, તથા દીવાનું તથા દીવાના પ્રકાશનું પણ જ્ઞાન થાય છે; તે જ પ્રમાણે જ્ઞાતૃત્વ શક્તિ દ્વારા સમગ્ર દેહમાં વ્યાપક હોવાથી જ્ઞાનપ્રક્રિયામાં (જાણવા-અનુભવવાની પ્રક્રિયામાં) જે જે પદાર્થને ઇન્દ્રિયો-અંતઃકરણ દ્વારે ગ્રહણ કરીએ છીએ તેનું જ્ઞાન થાય છે, કાંઈ નવું (જાણ્યું) જ્ઞાન થયું- તેનું પણ જ્ઞાન થાય છે અને જેણે જાણ્યું અર્થાત્ જાણનારો જે જીવાત્મા તેનું પણ જ્ઞાન થાય છે. **(૩)** જીવને સ્વ-સ્વરૂપનું જ્ઞાન અહમર્થથી જ થાય છે. આમ, ધર્મભૂતજ્ઞાન, એ ચૈતન્યરૂપ જીવાત્માનું નિત્ય અપૃથક્‌સિદ્ધ લક્ષણ છે. **(૪)** 'જીવ ચિદ્‌રૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે એટલું જ નહિ, પરંતુ જ્ઞાતા પણ છે, અર્થાત્ જ્ઞાનનો આશ્રય જીવ જ છે.' **(૫)** ટૂંકમાં જીવ સદા જ્ઞાન શક્તિવાળો છે. તેના ગુણધર્મો દેહના ગુણધર્મોથી ભિન્ન છે. **(૬)** દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, ઇત્યાદિના સ્વરૂપની વિક્તિ સમજનારો (શ્રોતા) તથા સમજાવનારો (વક્તા) જીવ છે. દેહાદિક સર્વેનું પ્રમાણ કરનારો તથા જાણનારો જીવ છે. દેહાદિક સર્વેથી જીવ વિલક્ષણ છે. (ગ.પ્ર. ૩૮) **(૭)** જીવ સત્તામાત્ર છે, અર્થાત્ સ્વંય-અસ્તિત્વવાળો, દેહની અપેક્ષાએ રહિત નિરપેક્ષ સત્તા-અસ્તિત્વવાળો છે. **(૮)** દશ ઇન્દ્રિયો ને ચાર અંતઃકરણ દ્વારે જીવ સર્વે વિષયોનું ગ્રહણ કરે છે. (જે. ૨) **(૯)** જીવ ચૈતન્યદ્રવ્ય છે; પરંતુ તેનો ચોંટવાનો સ્વભાવ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-શરીરરૂપ માયિક સંબંધને લીધે જીવ પોતાને અજ્ઞાની અને બદ્ધ માને છે. (ગ.મ. ૬૬) **(૧૦)** જીવ પરમેશ્વરના અંશ નથી. એ તો અનાદિ જીવ જ છે. વળી, પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને વિકાર પામીને અસંખ્ય જીવરૂપે થાય છે કે ભાસે છે તેમ નથી જ. (ગ.અં. ૧૦, ગ.પ્ર. ૪૧, પં. ૨, ગ.મ. ૩ના આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થાય છે, તેમ પણ નથી. (ગ.પ્ર. ૧૩) **(૧૧)** ઊલટાનું જીવ એક નિત્ય ભેદ તરીકે ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મથી ભિન્ન છે. **(૧૨)** જીવ, દેહ ઇન્દ્રિયો-અંતઃકરણનો અધિષ્ઠાતા છે, તેનો શરીરી છે. દેહનાં વિકાર, નુકશાન કે નાશથી જીવને કશો જ વિકાર, નુકશાન કે નાશ થતો નથી, જીવ અવિનાશી છે. **(૧૩)** જીવો અનંત-અસંખ્યાત છે. પ્રત્યેક સજીવતંત્રમાં (દેહમાં) ભિન્ન જીવ છે. જીવો ઈશ્વરોથી ભિન્ન છે, નિમ્ન છે. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી યુક્ત છે. **(૧૪)** જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ જીવની માયા (અવસ્થા) છે. દરેક સજીવતંત્રમાં જીવ કર્તા છે, પરંતુ જીવનું કર્તાપણું પરમેશ્વરને આધીન છે. જીવ પરાધીન છે, પરતંત્ર છે, અસમર્થ છે. જ્યારે પરમાત્મા તેનો આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે અને અતિસમર્થ છે. સામાન્ય અર્થમાં જીવ ધારે તે કરવાને સ્વતંત્ર છે; પરંતુ જીવની કર્તૃત્વશક્તિ પરમાત્માને આધીન છે. એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેના અવલંબને કરીને પ્રવર્તે છે. (ગ.પ્ર. ૬૫) **(૧૫)** અર્થાત્ જીવ-ઈશ્વરો સર્વેમાં અંતર્યામી પરમેશ્વરની પ્રેરકશક્તિને કારણે ક્રિયામાણ શક્ય બને છે, પરંતુ અનાદિકાળથી જીવને અવિદ્યા-કર્મરૂપ ઉપાધિ વળગેલી છે. તેને લીધે જીવ જુદી જુદી યોનિમાં વિવેક-મર્યાદા ભૂલીને કર્મો કરે છે. સારાં-નરસાં કર્મો કરીને પોતે જ પોતાનું પ્રારબ્ધ ઘડે છે. આમ અવિદ્યા, કર્મ અને પ્રારબ્ધવશ જીવ સારાં-નરસાં કર્મોની પસંદગી જાતે જ કરે છે, તે કારણે સુખી-દુઃખી થાય છે; પરંતુ સત્શાસ્ત્ર અને સત્પુરુષના સંગે સાચું માર્ગદર્શન ગ્રહણ કરી, જીવ આ બંધનમાંથી મુક્ત થઈ, અબંધક કર્મો કરી, આત્યંતિક મોક્ષ સાધી

શકે છે. (૧૬) આમ, જીવને મળેલું સંકલ્પસ્વાતંત્ર્ય (freedom of will, freedom of choice) પરમાત્માનું આપેલું છે પરંતુ જીવ જે કર્મોની પસંદગી કરે છે અને જેના આધારે કર્મો કરે છે તે સર્વે તેના અવિદ્યાકર્મના બંધન દ્વારા થયેલાં હોય છે. માટે જીવને મળેલાં સમર્થપણાને કર્તાપણાને અને સંકલ્પસ્વાતંત્ર્યને, આપણે 'પરમેશ્વરદત્ત-સ્વાંત્ર્ય' તરીકે ઓળખાવી શકીએ. (૧૭) ટૂંકમાં જીવની ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ પોતાના અવિદ્યાકર્મની ઉપાધિથી સીમિત છે, અને પરમાત્માને આધીન છે. જીવ અનાદિકાળથી માયાવેષ્ટિત છે, અર્થાત્ અવિદ્યાકર્મથી બદ્ધ છે. તે કર્મને અનુસાર એ જીવને ભગવાન જે તે ઉદ્ભિજ, જરાયુજ, સ્વેદજ અને અંડજ જાતિના જે દેહ તેને પમાડે છે, અને સુખ-દુઃખરૂપ જે કર્મનાં ફળ તેને પમાડે છે, અને તે જીવના કર્મને અનુસારે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે. (ગ.પ્ર. ૧૩) તેને લીધે જીવ સુખદુઃખ, જન્મ-જરા-મૃત્યુ અને સંસારની જુદી જુદી યોનિમાંથી પસાર થાય છે. (૧૮) દેહની અપેક્ષાએ જીવ સમર્થ છે, જ્યારે દેહ અસમર્થ છે. જીવ કર્તા છે, ભોક્તા છે, જ્ઞાતા છે, મન, ઈન્દ્રિયો, દેહ એ સર્વે જીવનું ક્ષેત્ર છે અને જીવ એ સર્વેનો ક્ષેત્રજ્ઞ છે. (૧૯) જીવો અને ઈશ્વરો એ સર્વને વિષે અંતર્યામીપણે વ્યાપીને પરમાત્મા સદા અવસ્થિત છે. પરમેશ્વર જીવોના કર્મફળપ્રદાતા છે. પરમેશ્વર એ જીવોને જ્યારે કર્મફળને ભોગવાવે છે ત્યારે તે ભોગવે છે. (ગ.પ્ર. ૬૬) (૨૦) અને જીવોને સુખદુઃખનો સંબંધ થાય છે (ફળરૂપે) તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. (ગ.પ્ર. ૭૮) (૨૧) જન્મમરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે (તેનું) અન્વય જાણવું. (સા. ૫) અર્થાત્ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહને વિષે એકાત્મપણે જે વર્તવું તે જીવનું અન્વયપણું છે. (ગ.પ્ર. ૭) અને દેહને વિષે સુખ-દુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખ-દુઃખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે. (ગ.પ્ર. ૭૮) (૨૨) ત્રણ દેહથી પૃથક્પણે સત્તામાત્ર જે કહે તે જીવનું વ્યતિરેકપણું છે. (ગ.પ્ર. ૭) (૨૩) જ્યારે ત્રણે દેહનાં સુખ-દુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે. (ગ.પ્ર. ૭૮) (૨૪) અછેદ્ય, અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું. (સા. ૫) (૨૫) સાકાર ભગવાનની ઉપાસનાથી જીવાત્મા માયાના બંધનથી મુક્ત થઈ મોક્ષને પામી શકે છે. ભગવાને બાંધેલી ધર્મમર્યાદાનું પાલન (કર્મ), વૈરાગ્ય (અનાસક્તિ), બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપનું જ્ઞાન તથા સદા સાકાર પરબ્રહ્મની ઉપાસના-ભક્તિ - આ ચાર સાધનવાળી એકાંતિકી સાધનાથી જીવ પર પરમાત્માનો અનુગ્રહ થાય છે અને જીવનો મોક્ષ થાય છે. (૨૬) જીવ નિરાકાર અર્થાત્ નિરવયવ છે, પરંતુ પ્રકટ સાકાર અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માની એકતા કરવાથી અને સદા સાકાર પરબ્રહ્મની ઉપાસનાથી મુક્તિ અવસ્થામાં સાકારપણું (દિવ્યતનુ-ભાગવતી તનુ) પ્રાપ્ત કરે છે.

## ૨. પરબ્રહ્મની આગવી વિશિષ્ટતા (૨૮)

**સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય :** (૧) પુરુષોત્તમનારાયણને તો સગુણ પણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય. (ગ.મ. ૪૨) (૨) નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ (ભગવાનની) મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. (કા. ૮) (૩) ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણરૂપ ને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રકટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે. (કા. ૮) (૪) ભગવાન નિર્ગુણરૂપે તો અતિસૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિ સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે. अणोरणीयान् महतो महीयान् નિર્ગુણરૂપે ભગવાન અતિશય સૂક્ષ્મ છે અને અતિશય શુદ્ધ છે, અતિશય નિર્લેપ છે અને અતિશય પ્રકાશે યુક્ત છે,...... સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે તો પણ અતિશય નિર્વિકાર છે, ને અસંગી છે ને પોતપોતાને સ્વભાવે યુક્ત છે અને તે સરખો થવાને કોઈ સમર્થ નથી થતો... સર્વના આત્મા છે તો પણ અક્ષરપર્યંત કોઈ પણ પુરુષોત્તમ ભગવાન જેવા થવાને સમર્થ નથી થતા. (કા. ૮) (૫) સગુણપણે ભગવાનની અતિશય મોટાઈ સર્વોપરિ છે. પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિસૂક્ષ્મ ભાસે છે. પણ તે બ્રહ્માંડ કાંઈ નાના થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે. (કા. ૮)

**અન્વય-વ્યતિરેકપણું :** (૧) પરબ્રહ્મ ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે, અને અન્વય થકા પણ વ્યતિરેક જ છે. (ગ.પ્ર. ૭૮) (૨) અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા ને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે, ભગવાનને અંતર્યામી કહેવા અને નિયંતાપણે કહેવા તે ભગવાનનું અન્વયપણું છે. વળી, બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમ જ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ (ઈશ્વરપણું અને અક્ષરપણું) થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે. (ગ.પ્ર.૭, સા-૫) (૩) અને એ સર્વેથી પૃથક્પણે કરીને પોતાના ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે ભગવાનનું વ્યતિરેકપણું છે. અર્થાત્ જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક

સ્વરૂપ જાણવું. (ગ.પ્ર. ૭, સા-૫) (૪) વળી, ભગવાન તો માયા ને માયાનું કાર્ય તેને વિષે અન્વય થકા પણ આકાશની પેઠે વ્યતિરેક (નિર્લેપ) જ છે. (વર. ૭)

**એકદેશી-સર્વદેશીપણું :** (૧) ભગવાન તો સદાય મૂર્તિમાન જ છે, પરંતુ તે પરબ્રહ્મ ભગવાન એકદેશી થકા સર્વદેશી છે. એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપે થકા અનંતરૂપે ભાસે છે. અર્થાત્ તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટિ બ્રહ્માંડમાં ભાસે છે. અનંતકોટિ બ્રહ્માંડોને વિષે જ્યાં જેવું જણાવું ઘટે ત્યાં તેમ જણાય છે. (વર-૧૩, ગ.મ. ૬૪, લો. ૪) (૨) સર્વના હૃદયને વિષે પણ વ્યાપીને રહ્યા છે અને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે. તેમની વ્યાપક અંતર્યામીશક્તિ પણ સાકાર જ છે. અને જેવા મૂર્તિમાન એકદેશી છે તે જ પ્રમાણે મૂર્તિમાનપણે જ સર્વત્ર રહ્યા છે. (ગ.પ્ર. ૪૫, લો. ૧૫)

### ૩. 'જ્ઞાન ભક્તિનું સહકારી છે.' સમજાવો. (૬૧)

(૧) આ ધર્મદર્શનમાં પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ ત્રણ પ્રમાણોનો સ્વીકાર કર્યો છે. પ્રત્યક્ષ જ્ઞાન જીવાત્માને અંતઃકરણ, ઈન્દ્રિયો દ્વારે બાહ્ય જગતના સંપર્કમાં આવવાથી થાય છે. જ્યારે જીવ (શક્ય હોય ત્યાં સુધી) બધી ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને, તથા અંતઃકરણ અને મન પરોવીને, પ્રત્યક્ષ જ્ઞાન મેળવે છે, ત્યારે તે ભ્રાંતિરહિત અને યથાર્થ જ્ઞાન હોય છે. અનુમાનથી થતું જ્ઞાન, પૂર્વે પ્રાપ્ત કરેલ પ્રત્યક્ષ જ્ઞાન પર આધારિત છે. લૌકિક બાબતોમાં વિશ્વસનીય વ્યક્તિઓના શબ્દો પ્રમાણ ગણાય છે. જ્યારે પારલૌકિક જ્ઞાનની બાબતમાં ભગવાનની પરાવાણી, શાસ્ત્રો (ખાસ કરીને વ્યાસજીએ કરેલાં શાસ્ત્રો) તથા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંતપુરુષ (સદ્‌ગુરુ)નાં વચનો - એ સર્વોપરિ પ્રમાણે છે. (૨) જ્ઞાનની ઉત્પત્તિ એટલે જ્ઞાનનો વિકાસ અને જ્ઞાનનો નાશ એટલે સંકોચ. (૩) બાહ્ય ઈન્દ્રિયોએ કરીને તથા અંતઃકરણે કરીને થતું જ્ઞાન, એ લૌકિક જ્ઞાન છે. (લો. ૭) (૪) અર્થાત્ જાતનાં જાતનાં વિજ્ઞાન-કલા-વિનયન-વેપાર-સાહિત્ય વગેરેનું જ્ઞાન ઈન્દ્રિયાનુભવ, તર્ક બુદ્ધિવાદ અને કલ્પના પર આધારિત ઈન્દ્રિયો-અંતઃકરણથી થતું લૌકિક જ્ઞાન છે. જ્યારે આત્મા અને પરમાત્મા (બ્રહ્મ-પરબ્રહ્મના) સ્વરૂપનું ઈન્દ્રિયો-અંતઃકરણથી પર જીવસત્તા તદાશ્રિત અનુભવજ્ઞાન અલૌકિક જ્ઞાન છે. (લો. ૭) (૫) વિચિકિત્સાના પરીક્ષણ (in the test of verification) માં સફળતાપૂર્વક ઊભું રહી શકે તેવું યથાર્થ (વાસ્તવિક અવસ્થાવાળું) અને વ્યવહારમાં ઉપયોગી થઈ શકે તેવા જ્ઞાનને પ્રમાત્વં કહે છે. આ વાત શ્રીજીમહારાજ સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવે છે - જેમ દૂધ છે તેને નેત્રે કરીને જુવે ત્યારે ધોળું દેખાય અને નાકે સૂંઘે ત્યારે સુગંધવાળું જણાય અને આંગળીએ કરીને અડે ત્યારે ટાઢું-ઊનું જણાય અને જિહ્વાએ કરીને ચાખે ત્યારે સ્વાદુ જણાય, પણ એક ઈન્દ્રિયે કરીને દૂધના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ન થાય અને સર્વ ઈન્દ્રિયોએ તપાસી જુવે ત્યારે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૬) જગતસંબંધી જ્ઞાન છે, તે પણ સત્ય જ્ઞાન છે, કારણ કે જીવ, જગત, ઈશ્વર, પ્રકૃતિ, મુક્ત, અક્ષર ને પુરુષોત્તમ એ સર્વે ભેદો સત્ય છે. જાણનારો જીવ તથા જાણ્યા એવા જે જગતના પદાર્થો સત્ય છે. આમ સત્ખ્યાતિ સ્વીકારી છે એમ કહી શકાય. વળી, વાસ્તવિક જગતમાં થતા પ્રત્યક્ષજ્ઞાનની સત્યતા અબાધિતપણે સમજાવવા પંચીકરણ પ્રક્રિયા પણ સ્વીકારી છે. સ્વપ્નસૃષ્ટિ પણ સત્ય છે. કારણ કે સ્વપ્નમાં અનુભવાતા પદાર્થોનું સર્જન સર્વકર્મફળપ્રદાતા પરમેશ્વર જ જીવેશ્વરોની સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મદેહકૃત રાજસ કર્મોનું ફળ દેવા માટે કરે છે. જાગ્રત-સ્વપ્નમાં થતું જગતવિષયક જ્ઞાન અપરા વિદ્યા છે. (૭) જ્ઞાન સ્વયંપ્રકાશિત, નિત્ય, વિભુ અને અચેતન દ્રવ્યવિષયી પદાર્થ છે. સદ્-અસદ્ અર્થાત્ આત્મા-અનાત્માનો વિવેક તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - એ પાંચ ભેદોનું યથાર્થ જ્ઞાન - એ પરાવિદ્યા છે. આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, મુક્ત, અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપનું તથા મહિમાનું જ્ઞાન - એ પરાવિદ્યા છે. (૮) સદા સાકાર મૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષથી પર જે અક્ષર થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવવા તેને જ્ઞાન કહીએ. અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. (લો. ૭) (૯) આવા મોક્ષમૂલક જ્ઞાનને 'પ્રકૃતિપુરુષથી પર' કહ્યું છે. (ગ.પ્ર. ૨૪) આમ આવું જે અધ્યાત્મજ્ઞાન તે જડ પદાર્થ નથી. પ્રત્યક્ષ ભગવાન અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત કે જેમાં પરમેશ્વર અખંડ નિવાસ કરીને રહ્યા છે, તેમની થકી થતું સર્વ જ્ઞાન એ પરાવિદ્યા છે. (૧૦) શાસ્ત્રમાં ભલે પરાવિદ્યા દર્શક અધ્યાત્મજ્ઞાન સંગ્રાહેલું પડ્યું હોય, પરંતુ જ્યારે (સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ) સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ જ્ઞાન યથાર્થ સમજ્યામાં આવે છે. (ગ.મ. ૧૩) (૧૧) તેથી જ શ્રીજીમહારાજે લખ્યું છે : જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે, તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય, તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા (બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ) મળે તો (પરબ્રહ્મ-ભગવાનનો) ઉત્કૃષ્ટ નિશ્ચય થાય. (લો. ૧૨) (૧૨) અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થાય નહીં. (કા. ૧૨ અને ગ.મ. ૩૫) (૧૩) ભગવાન તો મનવાણી થકી પર છે. ગુણાતીત (ત્રણ ગુણથી પર) છે. અમાયકિ છે. ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. સામે પક્ષે, ઈન્દ્રિયો-અંતઃકરણથી થતું જ્ઞાન તો પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ પ્રમાણથી થતું જ્ઞાન છે. તે જ

પ્રમાણે શાસ્ત્રે કરીને થતું જ્ઞાન પણ પરોક્ષ જ્ઞાન જ છે. કારણ કે કેટલેક અંશે તે જ્ઞાન પણ મુમુક્ષુ જીવ માટે અનુમાન આધારિત રહે છે. વળી ભગવાન પોતે પ્રગટ (પ્રત્યક્ષ) હોય છતાં તેમના ભગવાનપણાના મહિમાયુક્ત-નિશ્ચય વગર જો તેમને આંખ-કાન-સ્પર્શ વગેરેથી ભલે પ્રત્યક્ષ જોયા (ભલે પ્રત્યક્ષ જ્ઞાન થયું) છતાં તે જ્ઞાન પણ ઇન્દ્રિયો-અંતઃકરણજન્ય જ્ઞાન આપે છે. આવા કથનમાત્ર જ્ઞાનથી મોક્ષ (આત્યંતિક કલ્યાણ) ન થાય. પરંતુ જ્યારે ઇન્દ્રિયો-અંતઃકરણથી પર જીવસત્તા તદાશ્રિત અનુભવજ્ઞાન, કે જેમાં ઇન્દ્રિયો-અંતઃકરણથી પર જીવસત્તા તદાશ્રિત અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે તે સાચું જ્ઞાન છે. આ જ્ઞાન જ અપરોક્ષ જ્ઞાન છે, આત્યંતિક જ્ઞાન છે, અને પરમપદ જે મોક્ષ અપાવનારું જ્ઞાન છે. (કા. ૧, લો. ૭) **(૧૪)** મુમુક્ષુ જીવને ભગવાનના સ્વરૂપનું આવું જ્ઞાન શી રીતે થાય ? જ્યારે સર્વપ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન તે જે તે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે, ત્યારે જે જીવ તે ભગવાનના (બ્રહ્મસ્વરૂપ) સંતનો સમાગમ કરે છે તે (ભગવાનની કૃપાથી) જીવના જાણ્યામાં આવે છે. (પરંતુ) અભક્તનાં ઇન્દ્રિયો-અંતઃકરણને ભગવાન અગોચર છે, જ્યારે ભક્તનાં મન ઇન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે. કારણ કે ભગવાનનો ભક્ત હોય તેનાં જે દેહ, ઇન્દ્રિયો-અંતઃકરણ અને પ્રાણ તે સર્વે (ભગવાનની કૃપાથી) ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે. ગુણાતીત અર્થાત્ અમાયિક થઈ જાય છે. (કા. ૧) **(૧૫)** માયિક એવાં મન-વાણી-ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર એવા જે પરબ્રહ્મ ભગવાન તે જ કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વ મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે (મુમુક્ષુ) જીવ (બ્રહ્મસ્વરૂપ) સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો (અર્થાત્ સર્વ કારણના કારણ, સર્વકર્તા, સર્વોપરિ, સદાસાકાર અને સદાદિવ્ય- એવો) મહિમા સમજે છે ત્યારે એનાં (એ મુમુક્ષુનાં) ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય (સાચું સ્વરૂપજ્ઞાન) થાય છે. જેમ હીરે કરીને હીરો વેધાય છે પણ બીજા વતે નથી વેધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે. (ગ.પ્ર. ૫૧) **(૧૬)** આમ, એ (પરબ્રહ્મ) ભગવાન ઇચ્છે છે જે 'એવો પ્રકાશવાન હું આ ભક્તને દેખાઉં' તો તે (તેવા) પ્રકાશયુક્ત એવી એ જ મૂર્તિને દેખે છે. (લો. ૧૮) **(૧૭)** આવી, જેને જ્ઞાનની સ્થિતિ થાય તેને એકરસ ચૈતન્યને (અક્ષરધામમાં બ્રહ્મસ્વરૂપ તેજને) વિષે એક ભગવાનની મૂર્તિ જ દેખાય. બીજું કાંઈ દેખાય નહીં. (ગ.પ્ર. ૨૪) **(૧૮)** આવું જે પરાવિદ્યારૂપ ગુણાતીત જ્ઞાન તે સ્વતઃપ્રમાણ છે, સ્વપ્રકાશ છે, સ્વયંસિદ્ધ છે, તે યથાર્થ છે. આ જ્ઞાનના પ્રામાણ્ય માટે અન્ય કોઈ પ્રમાણની જરૂર રહેતી નથી. આ જ્ઞાન હંમેશા સત્ય અને અબાધ્ય છે. **(૧૯)** ટૂંકમાં ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, પ્રત્યક્ષ હોય ત્યારે ભગવાન પોતે અને અંતર્ધાન થાય પછી જેમાં રહીને પોતાનું પ્રગટપણું જારી રાખ્યું છે એવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ સત્પુરુષ દ્વારા પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ભગવાન પોતે જ કરાવે છે. તેથી જ આ જ્ઞાન હંમેશા સત્ય છે, સ્વતઃપ્રામાણ્ય છે અને મોક્ષકારક છે. આમ, સ્વામિનારાયણીય જ્ઞાનમીમાંસા (epistemology) તેમની અધ્યાત્મમીમાંસા (metaphysics)ને અનુરૂપ રહીને તેને અનુસરે છે. **(૨૦)** ભગવાન પુરુષોત્તમને તો તત્ત્વે કરીને સમજવા. ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ વડે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે તે પૂરો જ્ઞાની કહેવાય. આવું જીવસત્તા તદાશ્રિત અનુભવજ્ઞાન સર્વોપરિ છે. (લો. ૭) આવો જ્ઞાની ભગવાનને સર્વકર્તા, સદા સાકાર, સર્વોપરિ, સગુણ, સર્વજ્ઞ, અતિ મનોહર, ત્રિગુણાતીત, અતિ-તેજસ્વી, અતિ-સમર્થ, સર્વતંત્ર-સ્વતંત્ર, સર્વ કારણના કારણ, સર્વાધાર, સર્વના નિયામક, ધારક, તારક, રક્ષક, કર્મફળપ્રદાતા, મનુષ્યાકૃતિ, સદા દિવ્યમૂર્તિ, નિત્ય નિર્લેપ અને સદા પ્રગટ સમજે છે, જ્ઞાની તો ધામની મૂર્તિ અને પ્રત્યક્ષ (નયનગોચર) મૂર્તિને એક સમાન ગુણાતીત, દિવ્ય અને અમાયિક સમજે છે. એટલું જ નહિ પણ પરમેશ્વરના અખંડ ધારક બ્રહ્મસ્વરૂપ સંતને પણ દિવ્ય, ગુણાતીત અને અમાયિક જાણે છે. **(૨૧)** ભગવાન અંતર્ધાન થતા જ નથી; હંમેશા સંત દ્વારે પ્રગટ જ હોય છે, એવી જ્ઞાનીની સમજણ હોય છે. આવા યથાર્થ જ્ઞાનનું ફળ એકાંતિકી ભક્તિ છે, બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિ છે અને પરમપદ મોક્ષની પ્રાપ્તિ છે. સમ્યક્ જ્ઞાન, ભક્તિ તથા ઉપાસનાને વધુ ને વધુ દ્રઢીભૂત કરે છે. આવા ભક્તિમૂલક, ભક્તિપોષક જ્ઞાનથી જ મુક્તિ થાય છે. જ્ઞાન ભક્તિનું સહકારી છે. **(૨૨)** જ્ઞાન જીવનો નિત્ય અપૃથક્સિદ્ધ ગુણધર્મ છે. ધર્મભૂતજ્ઞાનનો સિદ્ધાંત સ્વીકાર્ય છે. જીવને જ્ઞાન ઉત્તરોત્તર વધુ ને વધુ માત્રામાં અપૃથક્, વ્યાપક, ચેતન ધર્મ તરીકે છે. પરબ્રહ્મ એ અનવધિકાતિશય અનન્ત જ્ઞાનનો સ્ત્રોત છે. પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું યથાર્થજ્ઞાન, જ્યારે સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર - આ ચારેય શાસ્ત્રોની ક્ષતિઓ બાદ કરીને, સમન્વકારી અભિગમ લઈને સંતના સંગે અભ્યાસ દ્વારા ભગવાનના સ્વરૂપને સમજે, તે પૂરો જ્ઞાની કહેવાય અને આ ચાર શાસ્ત્રોથી નિર્ણય કરે ત્યારે જ પરબ્રહ્મ-પરમાત્માના સ્વરૂપ વિષયક સાચો નિર્ણય થઈ શકે છે. (ગ.પ્ર. ૫૧)

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **સમન્વયકારી ધર્મદર્શન. (૯૨)** (૧) શ્રી સહજાનંદ સ્વામીએ તેમના ધર્મદર્શનમાં 'સારું તે મારું' નો સિદ્ધાંત રાખી પૂર્વાચાર્યોમાંથી શુભતત્ત્વો ચૂંટી લઈને સમન્વયાત્મક ધર્મદર્શન આપ્યું છે. (૨) તેમણે શ્રીમદ્ રામાનુજાચાર્યે પ્રવર્તાવેલ વિશિષ્ટાદ્વૈતવાદને પોતાનો કર્યો છે. તેમાંથી મુખ્યત્વે પરમાત્માનું પરપણું, સદા સાકારપણું સગુણપણું, કૃપાસાધ્યપણું, સ્વામી-સેવકભાવ, દાસત્વભક્તિ, શરીર-શરીરીનો સદાનો અપૃથક્સંબંધ, ધર્મભૂત-જ્ઞાન જેવા કેટલાક સિદ્ધાંતો સ્વીકાર્યા છે. (૩) શ્રીમદ્ શંકરાચાર્ય પ્રણીત વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્ અને મુમુક્ષુત્વ - એ સાધન-ચતુષ્ટયને પોતાના 'વેદરસ' (વેદરહસ્ય) ગ્રંથમાં સ્થાન આપ્યું છે. મોક્ષ માટે બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા તથા જીવનમુક્તિ અને વિદેહમુક્તિના વિચારને અપનાવ્યો છે. શંકરાચાર્યે સ્થાપી છે એવી વ્યવસ્થિત ગુરુપરંપરા કેટલાક ફેરફાર સાથે પોતાના સંપ્રદાયમાં સ્થાપી છે. (૪) વિવિધ વૈષ્ણવાચાર્યો અને કેટલાક શૈવ સંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણી છે. અને મોક્ષ પરમશ્વરની કૃપા-અનુગ્રહથી થાય છે એમ સ્વીકાર્યું છે. (૫) શ્રીમદ્ રામાનુજાચાર્યે અને રામાનંદચાર્યે ઉપદેશેલ વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ વગેરે સાધનસપ્તક તથા શરણાગત ભક્તે કેળવવાની પાંચ પ્રકારની રુચિ જેવી કે ભગવાનને ગમતાનો વિચાર - ન ગમતી વસ્તુઓનો ત્યાગ, રક્ષક ભગવાન જ છે એવો દૃઢ વિશ્વાસ-આશરો, આત્મસમર્પણ અને કાર્પણ્ય કહેતાં ગર્વત્યાગ કરી નિર્માની થઈ પ્રભુને આધીન રહેવું વગેરે તેમનાં વચનામૃતોમાં એક યા બીજી રીતે સમાવી લીધાં છે. એમણે કહી છે એવી જ પરમેશ્વરમાં તૈલધારા-વૃત્તિ રાખવાની વાત શ્રી સહજાનંદ સ્વામીએ સ્વીકારી છે. (૬) રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો એવો દાસત્વભક્તિનો આદર્શ સ્વીકાર્યો છે. મધ્વ અને વલ્લભે સૂચવેલ માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિનો સિદ્ધાંત પોતાનો કર્યો છે. (૭) રામાનુજ, મધ્વ અને નિમ્બાર્ક, રામાનંદ, વલ્લભ, ચૈતન્ય, હિતહરિવંશ અને પાશુપત શૈવ સિદ્ધાંતમાં કહ્યો એવો ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનો સિદ્ધાંત તેમણે માન્ય રાખ્યો છે, એમ સ્વીકાર્યું છે. (૮) નિમ્બાર્કે અને વલ્લભે આપેલું સંગીતનું અને ગાયનવિદ્યાનું સ્થાન ભગવાનને રાજી કરવાના સાધનરૂપે સ્વીકાર્યું છે. (૯) ચૈતન્યએ પ્રવર્તાવેલ હરિકીર્તનભક્તિ અને નામ સ્મરણનો મહિમા, તેના કેવળ શુદ્ધ સ્વરૂપમાં અપનાવ્યો છે. (૧૦) પ્રપત્તિનું સ્થાન મધ્વના શરણાગતિના સિદ્ધાંતને મળતું છે. વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા સેવા-રીતિ અને માનસીપૂજાવિધિ સ્વીકારી છે. વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ વ્રતોત્સવનો નિર્ણય તથા સેવાવિધિનો સ્વીકાર કર્યો છે. સર્વ વૈષ્ણવ, શૈવ, સ્માર્ત અને શાક્ત સંપ્રદાયોએ સ્થાપેલું ગુરુનું સ્થાન અને ગુરુમહિમા તેમણે સ્વીકારી, પરિશુદ્ધ કરી તેને પોતાની આગવી રીતે પ્રવર્તાવ્યો છે. (૧૧) વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોએ ઉપદેશેલ દૃઢ શ્રદ્ધા, આશરો અને નિષ્ઠાનું તત્ત્વ તેમણે સ્વીકાર્યું છે. આમ સ્વામિનારાયણીય ધર્મદર્શનમાં સર્વ હિંદુ સંપ્રદાયોનાં શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે. (૧૨) હિંદુ ધર્મ પ્રણીત વેદ, ગુરુ, આચાર્ય, ધર્મગ્રંથો, સહિષ્ણુતા, મતાંતરક્ષમા, હૃદયની વિશાળતા, નીતિ, ભક્તિ, જ્ઞાન, અનાસક્તિ, ભગવાનના સદા સાકાર સ્વરૂપની ઉપાસના વગેરેની આવશ્યકતા - આ બધાં જ શુભ તત્ત્વોનો સુભગ સમન્વય એટલે શ્રી સહજાનંદસ્વામી પ્રણીત સ્વામિનારાયણ સંપ્રદાય. આમ, વ્યક્તિ અને સમાજની નૈતિક, ધાર્મિક અને ઉન્નતિનો હિમાયતી આ સંપ્રદાય છે.

૨. **સ્વમુખે સર્વાવતારીપણાની ઓળખાણ. (૩૬)** સ્વ-સ્વરૂપનું સર્વોપરિપણું કૃપાએ કરીને શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે : (૧) આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે. અને પોતે તો અવતારી છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અમ. ૬) (૨) માટે, ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. (ગ.મ. ૯) (૩) જે તેજને વિષે (અક્ષરધામને વિષે) મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. (ગ.મ. ૧૩) (૪) અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમ વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) (૫) માટે, સર્વ થકી પર એવું જે પુરુષોત્તમનું ધામ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું...... સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગૌલોક અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું ? તો, મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે.(અમ. ૭) (૬) એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન તે જે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વેજનના નયનગોચર વર્તે છે. અને તમારા ઈષ્ટદેવ છે. ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે

ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. ને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વે કારણના પણ કારણ છે, ને સર્વોપરિ વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે. (ગ.અં. ૩૮)

૩. **પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ વચ્ચેનો ભેદ. (૨૧ થી ૨૫)** **(૧)** પરબ્રહ્મ સર્વોચ્ચ આધ્યાત્મિક તત્ત્વ છે. તે એક અને અદ્વિતીય છે. તેમના તુલ્ય કોઈ છે નહિ, તેમ જ તે જેવો થવાને કોઈ સમર્થ નથી. ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે.'' (લો. ૧૩) **(૨)** પરબ્રહ્મ જ પરમેશ્વર પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ છે. તે એક જ સર્વોપરિ, સર્વતંત્ર-સ્વતંત્ર અને સર્વ કારણના કારણ છે. પરબ્રહ્મ સદા સાકાર, સદા સગુણ, સર્વજ્ઞ, સર્વકર્તા, દિવ્ય અને પૂર્ણ છે. અનવધિકાતિશય અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોએ યુક્ત તથા સકળ ઐશ્વર્યસંપન્ન છે. સર્વ દોષે અને વિકારે રહિત છે અને અમાયિક છે. **(૩)** જીવ, ઈશ્વર, માયા (પ્રકૃતિ-જગત) અને અક્ષરબ્રહ્મ, એ સર્વના આધાર, નિયામક, કારણ, ધારક અને અંતર્યામી કેવળ પરબ્રહ્મ છે. **(૪)** પરબ્રહ્મ એક જ સ્વતંત્ર, અતિસમર્થ, અંતર્યામી શક્તિએ સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા, (સર્વપ્રત્યયસાક્ષી) સર્વના પ્રેરક, સર્વના નિયંતા અને સર્વના આત્મા છે. **(૫)** જ્યારે સામે પક્ષે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ - એ સર્વ પરબ્રહ્મ-પરમાત્મા દ્વારા નિયામ્ય, વ્યાપ્ય, આધીન, પરતંત્ર અને અતિ-અસમર્થ છે. **(૬)** તેથી જ સર્વના આત્મા, સર્વવ્યાપક અને સ્વતંત્ર-સર્વાધાર પરબ્રહ્મને જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મના શરીરી કહ્યા છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મને પરબ્રહ્મનું શરીર કહ્યું છે. અહીં 'શરીર-શરીરી-સંબંધ' શબ્દાર્થ કે વાસ્તવિક અર્થમાં ન લેતાં, તેના સાચા ભાવાર્થમાં સમજવાનો છે. **(૭)** તેઓ કહે છે : ''આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે. કેવી રીતે તો ભગવાન જ તે પોતાની અંતર્યામીશક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને બેય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે - પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિસમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે. (ગ.પ્ર. ૬૪) **(૮)** વળી, વચનામૃત ગ.પ્ર. ૬૪નો સમગ્રતયા અભ્યાસ કરતાં 'શરીર' અને 'શરીરી' નાં લક્ષણો શ્રીજીમહારાજના મતે નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય. 'શરીર' એટલે પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય, પરબ્રહ્મને આધીન, સદા પરતંત્ર, પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ, પરબ્રહ્મને દૃશ્ય, પરબ્રહ્મથી પ્રેર્ય, પરબ્રહ્મથી નિયામ્ય, પરબ્રહ્મ દ્વારા અવસ્થિત અને પરબ્રહ્મની તુલનામાં 'સકળ ઐશ્વર્ય સંપન્ન નહીં.' આત્મા (એટલે પોતપોતાની માયા-પ્રકૃતિ-સમેત સર્વે જીવો અને ઈશ્વરો) તથા અક્ષર (એટલે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો) હંમેશા પરબ્રહ્મનું શરીર છે, જ્યારે પરબ્રહ્મ તેમના શરીરી છે. **(૯)** 'શરીરી' એટલે સદા સર્વોપરી પરબ્રહ્મ કે જે સર્વમાં (આત્મા = જીવો + ઈશ્વરોમાં અને અક્ષર = અક્ષરબ્રહ્મ + અક્ષરમુક્તોમાં) વ્યાપક છે, સર્વના આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે, અતિ સમર્થ છે, સર્વના દ્રષ્ટા છે, સર્વના પ્રેરક છે, સર્વના નિયામક છે, સર્વમાં મૂર્તિમાનપણે અંતર્યામી છે અને સકળ ઐશ્વર્યે સંપન્ન છે. ટૂંકમાં પરબ્રહ્મ સદા સ્વતંત્ર, સર્વશરીરી સર્વાધાર અને સર્વાત્મા છે. **(૧૦)** ''ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.'' (ગ.મ.૧૭) **(૧૧)** ''મૂર્તિમાન થકા પણ દ્રષ્ટા અને દૃશ્ય, એ બેયના દ્રષ્ટા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૨)** ''સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય, ને આત્માને દૃશ્ય એવા જે દેહ, એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્માપણે રહ્યા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૩)** ''તે ભગવાન અણુ-અણુ પ્રત્યે વિરાજમાન છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૪)** ''ક્ષર અને અક્ષર, એ બેયને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે અને પોતે તો ક્ષર અક્ષર થકી ન્યારા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૫)** ''એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે, તેમજ પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ, તેના પણ આત્મા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૬)** ''આત્મા ને અક્ષર એ સર્વેના પ્રેરક છે, ને સ્વતંત્ર છે, ને નિયંતા છે, ને સકળ ઐશ્વર્યે સંપન્ન છે, ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૭)** અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન..... અનંત કોટિ ...... બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૮)** અને ''ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે, અને એ સર્વે ભગવાનનું શરીર છે.'' (કારિ. ૮) **(૧૯)** તથા ''પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ (સર્વમાં વ્યાપક એવા નિરવયવ અક્ષરબ્રહ્મ) તેના પણ આત્મા છે અને અક્ષરના (સદા સાકાર સાવયવ અક્ષરબ્રહ્મના) પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે.'' (લોયા-૧૦) **(૨૦)** એ પરબ્રહ્મ તો ''બ્રહ્મ (અક્ષરબ્રહ્મ)ના પણ કારણ છે, ને આધાર છે, ને પ્રેરક છે.'' (ગ.મ. ૩) **(૨૧)** અને આ અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત

નિત્યપરમસ્નેહૈક્ય સંબંધથી સીધા જ સદા સર્વદા જોડાયેલા છે. (૨૨) ટૂંકમાં, સર્વના આત્મા, સર્વમાં અંતર્યામીપણે વ્યાપક, સર્વના કારણ અને સર્વકર્તા હોવા છતાં પરબ્રહ્મ સદા દિવ્ય, સાકાર અને નિર્લેપ છે. (ગ.મ. ૧૭ અને ગ.પ્ર. ૬૨) (૨૩) આમ, આગવા અર્થમાં, શરીરથી વિશિષ્ટ શરીરી-પરમાત્મા છે. આ પ્રમાણે ચિદ્ અને અચિદ્‌થી વિશિષ્ટ હોવા છતાં પરમાત્મા સ્વતંત્ર અને નિર્લેપ છે. આ પ્રકારે સર્વથી પૃથક્ હોવા છતાં જીવ, ઈશ્વર, માયા, મુક્તો અને અક્ષરબ્રહ્મથી સદા વિશિષ્ટ એકમેવ-અદ્વિતીય પરબ્રહ્મ-પરમાત્મા છે. આ એક સ્વતંત્ર-મૌલિક વેદાંતદર્શન છે, જેને આપણે 'નવ્ય વિશિષ્ટાદ્વૈત વેદાંત' તરીકે ઓળખાવી શકીએ.

૪. **અવતાર-અવતારી પ્રાગટ્ય ભેદ.** (૩૪) **અનુપ્રવેશથી અવતારો :-** (૧) સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) (૨) આ વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : અક્ષરધામના પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી, ને અક્ષરધામના પતિ છે. (ગ.મ. ૧૩) (૩) સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) (૪) તે એ અવતાર ક્યારે થાય છે એ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો અને અમારા બ્રહ્માંડમાં પધારો.' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે.....અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે. (પંચાળા -૪) (૫) (અને તે) ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી... પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ (ભગવાનની) પોતાની દૃષ્ટિ રહે છે, અને તે છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે, ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે. અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને જણાવે છે. (પંચાળા-૪) (૬) ટૂંકમાં પોતાનું ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) (૭) વૈરાજપુરુષ દ્વારાએ (ભગવાનના) અવતાર થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, એ જે (અક્ષરાતીત પુરુષોત્તમ એવા જે) વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે (અક્ષરાત્મક મૂળપુરુષ/મહાપુરુષરૂપે) કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય, ત્યારે અવતાર કહ્યા છે. માટે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોંખા પડી જાય, ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહીં. (ગ.મ. ૩૧) (૮) કારણ કે, ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેટલી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. (લો. ૪) (૯) ટૂંકમાં, અંશાવતાર, આવેશાવતાર, કળાવતાર ઈત્યાદિ પ્રકારે જે અવતારો છે, તે સર્વે વૈરાજપુરુષમાંથી (અર્થાત્ ઈશ્વરકોટિના ચૈતન્યમાં, મૂળપુરુષદ્વારાએ કરીને) પુરુષોત્તમ ભગવાનના તત્-તત્કાળ પૂરતાં તત્-તત્ પ્રકારના અંતર્યામીશક્તિ દ્વારા અનુપ્રવેશથી થાય છે. (પંચા. ૭) (૧૦) અને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે. તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે..... અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોંખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જે હોય તેવો રહે છે. (પંચા. ૭) (૧૧) એ ભગવાનની જન્મ અને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. (ગ.મ. ૧૩) (૧૨) જે કાર્ય નિમિત્તે જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે, ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. (લો. ૧૮) (૧૩) પરંતુ પૃથ્વી પર પ્રાકૃત દેહ ધરવા છતાં, ભગવાન જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે તત્ત્વો બ્રહ્મરૂપ છે. નિર્ગુણ થઈ જાય છે. પોતે સદા માયાથી નિર્લેપ રહે છે. (ગ.મ. ૧૩) (૧૪) અને તે પરબ્રહ્મ ભગવાનનું મૂળ સ્વરૂપ સદા દ્વિભુજ, દ્વિચરણયુક્ત, મનુષ્યાકૃતિ પરંતુ દિવ્ય છે. તો પણ પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંતભુજ યુક્ત સ્વરૂપ દેખાડે છે, તથા મત્સ્ય, કચ્છ, વારાહ આદિક રૂપે ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે તેવું રૂપ પ્રકાશે છે; પરંતુ પોતે તો સદા એકરૂપે જ વિરાજમાન રહે છે. (લો.૪, લો.૧૮, પંચા.૪)

**સર્વાવતારીનું પ્રાકટ્ય :-** (૧) પરંતુ જ્યારે સર્વાવતારી પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન પોતે જ પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે તેમની પ્રગટ થવાની રીત તો અવતારોના અવતરણ કરતાં તદ્દન જુદી છે. સર્વાવતારીના પ્રાકટ્યની રીત સમજાવતાં

શ્રીજીમહારાજ કહે છે : ''અક્ષરાતીત અને મનવાણીથી પર અને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, ''જ્ઞાની- અજ્ઞાની એવા જે મૃત્યુ લોકના મનુષ્ય તે સર્વે મને દેખો' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે. (ગ.પ્ર. ૭૮) **(૨)** અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થાય છે .... અને ભગવાન (પરબ્રહ્મ-પુરુષોત્તમ) જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ (મૂર્તિમાન અક્ષરબ્રહ્મ) અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ (મુક્તો) અને પોતાનાં જે સર્વે ઐશ્વર્યે તે સહિત જ પધારે છે...... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. (ગ.પ્ર. ૭૧) **(૩)** પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન સદાય પોતાના દિવ્ય અક્ષરધામમાં એકરૂપે વિરાજમાન હોય છે. પરંતુ પોતાનું અગાધ ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૪)** અને એ ભગવાન મનુષ્ય દેહને ધારણ કરે છે, ત્યારે મનુષ્યના જેવી ક્રિયા કરે છે. (પં. ૪) **(૫)** પોતાની ઈચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે, ને જન્મને ધારણ કરતાં થકા પણ અજન્મા છે. ને દેહને મૂકતા થકા પણ અજર અમર છે. ને નિરંજન છે કહેતાં માયાના અંજને કરીને રહિત છે..... (તેમનું) મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે તો નટની (માયાની) પેઠે ઈન્દ્રજાલ સરખું છે. (અમ. ૪) **(૬)** છતાં એ ભગવાનની જન્મ ધર્યાની અને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને પૃથ્વી પર દેહ ધરવા છતાં જે જે તત્ત્વને ભગવાન અંગીકાર કરે છે તે તત્ત્વ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય છે, અને પોતે તો સદા માયાથી નિર્લેપ અને અસંગી રહે છે. (ગ.મ. ૧૩) **(૭)** ટૂંકમાં ધામમાં રહ્યા થકા અહીં પૃથ્વી પર તથા અનંતકોટિ બ્રહ્માંડને વિષે જ્યાં પણ પોતાને સ્વેચ્છાથી પ્રકટ થવું હોય ત્યાં પોતાના ભક્તને અર્થે અનંતરૂપે દેખાય છે. (લો. ૪ને આધારે) **(૮)** અને તેથી જ ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી. (ગ.મ. ૧૩) **(૯)** એટલું જ નહીં, પરંતુ તેજોમય જે ભગવાનનું અક્ષરધામ તેને વિષે રહી જે ભગવાનની આકૃતિ (મૂર્તિ) અને પ્રકટ પ્રમાણ સર્વેને દૃષ્ટિ ગોચર પ્રત્યક્ષ મૂર્તિ વચ્ચે અધિકપણે સાદશ્યપણું છે. જેવી અક્ષરધામમાં રહેલી પુરુષોત્તમની મૂર્તિ દિવ્ય છે એવી જ નયનગોચર પ્રત્યક્ષમૂર્તિ પણ દિવ્ય છે. (ગ.અં. ૩૧) **(૧૦)** એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી. એ બે એક જ છે. (ગ.અં. ૩૮) **(૧૧)** સમપણે દિવ્ય છે. પરંતુ ભગવાન સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે, સખાભાવે, મિત્રભાવે ઈત્યાદિકભાવે વર્તે છે. (કારિ. ૫) **અવતારીનું પ્રાકટય-પ્રયોજન : (૧)** સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા અને તે ભક્તની ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવવા, (કારિ.૫) **(૨)** એકાંતિક ભક્તને દર્શન દેવાં ને તેમની રક્ષા કરવી, (ગ.મ. ૧૯) (૩) ભક્તના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની રક્ષા કરવી. (વર.૧૩) **(૪)**પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ (એકાંતિક ધર્મ) તે પ્રવર્તાવવાને અર્થે થાય છે. (ગ.મ. ૪૬) **(૫)** અવિદ્યારૂપ જે માયા તેનો નાશ કરવો અને જીવોને બ્રહ્મરૂપ કરવા. (શ્રીજીના પ્રસાદીના પત્રો) એ પણ મુખ્ય પ્રયોજન છે. તે ભેળું (મુખ્ય પ્રયોજન ભેળું અન્ય પ્રયોજન) અસંખ્ય જીવનું કલ્યાણ કરવું, ધર્મનું સ્થાપન કરવું. (કારિ. ૫) અધર્મનો ઉચ્છેદ કરવો, (ગમ.મ ૧૯) એ હેતુ પણ હોય છે.

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

**પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ (૧૭ થી ૨૧) :- (૧)** પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના એ ભક્તની ભક્તિ કરું છું. (ગ.મ. ૨૮) તથા 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ..... એવા યથાર્થ ભગવાનના એ ભક્ત છે. તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) **(૨)** અને 'આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને એ જો કોઈ કાળે દેહ ધરે, તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે. તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો. (અમ. ૨) માટે એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા.૧૦) એવા સંતને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને ભગવાનનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (વર. ૧૧) **(૩)** વળી જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરુપહરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત

થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) માટે આવા સંતના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે, એમ જાણવું અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનના દ્રોહ કર્યા બરાબર પાપ લાગે છે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (ગ.અં. ૩૫) **(૪)** એવાં ત્રીશ લક્ષણે યુક્ત સાધુમાં, ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા એવા ભગવાનના ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ આવેલ હોય છે. તેથી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચાહે સો કરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે (ગ.પ્ર. ૭૭ અને ગ.પ્ર. ૬૬) અને એ ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવા સમર્થ થતા નથી. (કા. ૮) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિ ને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) એવા ભક્તે માયિક પંચવિષયને તુચ્છ કરી નાંખ્યા હોય છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સાથે જ દૃઢપણે જોડાયા હોય છે. એવા ભક્ત જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના નથી રહેવાતું, તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર પણ ભગવાન છેટા રહેતા નથી. (કા. ૧૧) એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા અને એવા સંત તો મનુષ્ય છે, તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) મુક્તાનંદ સ્વામી પણ શ્રીહરિના આ જ શબ્દો વ્યક્ત કરે છે : 'મેરો હી સર્વસ્વ સોઈ.' **(૫)** આવા સંત તો સ્વાભાવિકપણે જ બ્રાહ્મીસ્થિતિમાં અહોનિશ રહેતા હોય છે. તે જ સાચા સદ્‌ગુરુ છે. તે જ મુમુક્ષુ માટે ગુરુ અને ઉપદેષ્ટા છે. તે જ ભગવાનની હૃદ્‌ગત રુચિ અભિપ્રાયના જાણનારા છે, કારણ કે એવા સંતથી ભગવાન ક્યારેય જુદા રહેતા નથી. આ જ મુદ્દો આગળ ધરતાં શ્રીહરિ કહે છે : 'ગુરુ પરમહંસ આઠ પ્રકારે કરીને સ્ત્રીના ત્યાગી છે, તેમ જ દ્રવ્યના ત્યાગી છે. એવા જે સંત, તે સંતને હરિ જેવા જાણવા, ગોવિંદ જાણવા. એવા જે સંત તે જ ગુરુ છે ને તે જ ગોવિંદ છે અને તે જ હરિ છે'. શ્રીહરિના આ જ ઉપદેશને આધારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે એવા સંત તો 'હરિ સમ સબ દુઃખહારી' છે. માટે એવા સંતમાં જીવ જોડી તેમની મન, કર્મ, વચને સેવા કરી લેવી, કારણ કે તેમની સેવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત તુલ્ય થઈ જવાય છે. (વર. ૫) એવા એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ રાખીને નિષ્કપટભાવે ભગવાનના ચરણકમળને ભજવાથી, ભગવાનના સ્વરૂપને વિષેની માયિક દૃષ્ટિ મટે છે. (પં. ૭) **(૬)** આવા પરમ એકાંતિક સંતનો મહિમા પોતાની માતા ભક્તિદેવીને સમજાવતાં શ્રીહરિ કહે છે : दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचारणा भोजिताः पूजिता वा सद्यः पुंसामघौघं बहुजनिजनितं ध्नन्ति ये वै समूलम् । प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं तेषां मातः! प्रसङगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥ હે માતા ! એવા સંતનું કોઈ મુમુક્ષુ એક વખત પણ આદરપૂર્વક દર્શન, સ્પર્શ કે પરિચર્યા કરે, અથવા એક વખત પણ ભાવપૂર્વક તેને ભોજન કરાવે કે તેનું પૂજન-વંદન કરે, તો તેના અનંત જન્મના પાપપૂંજનો સમૂળો નાશ તત્કાળ થઈ જાય છે. શ્રીહરિકૃષ્ણ કહે છે કે, એવા સંત તો મારા હૃદયતુલ્ય છે. એવા સંતનાં ચરણમાં સર્વ તીર્થો નિવાસ કરીને રહે છે. તેમનાં ચરણ પડે તે ભૂમિ તીર્થરૂપ થઈ જાય છે. માટે એવા સાધુના પ્રસંગ થકી મુમુક્ષુ માટે કઈ ચીજ દુર્લભ છે ? કોઈ જ સિદ્ધિ દુર્લભ નથી. ઊલટાનું, એ મુમુક્ષુને સર્વે સિદ્ધિ અને નિઃશ્રેયસ કહેતાં આત્યંતિક મુક્તિ પણ સરળતાથી મળે છે. **(૭)** માટે 'ઇન્દ્રિયો રૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બુઠ્ઠી થઈ જાય, તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે. તે દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામે, એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય, તે ઠેકાણે જાણવું.... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય, ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.' (સા. ૭) કારણ કે, 'મોટા એકાંતિક સાધુ દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે. તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે. જેમ ગાયના આંચળમાંથી જ દૂધનું સુખ આવે છે તેમ. તેથી જ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ટાંકીને શ્રીહરિ કહે છે, કે એવા સાધુ પાસે તો 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે'. (ગ.મ. ૪૭) **(૮)** આટલો બધો મહિમા કહેવા પાછળનો ઉદ્દેશ એટલો જ છે કે આવા સંતને સંગે જ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. નિર્દોષ થવાય છે, નિર્વાસનિક થવાય છે. આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે અને ભગવાનનો જેમ છે તેમ નિશ્ચય થાય છે. માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય, એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) અને એવા 'મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.' (પ્ર.૫૮)

('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**૧. બાળસંસ્કારનું મહત્ત્વ અને તેનું કેવી રીતેસિંચન કરવું ?**

**બાળસંસ્કારનું મહત્ત્વ : (૬૨-૬૩)** વૃક્ષનો મહિમા એટલે તેનું બીજ. બીજ સારું તો વૃક્ષ સારું. ચારિત્ર્યશીલ, સુખી, સમૃદ્ધ સમાજનું બીજ એટલે સંસ્કારી બાળક. બાળકનું જેવું ઘડતર એવું ભાવિ સમાજનું નિર્માણ. બાળક આવતી કાલનો નાગરિક છે. એના ઘડતર પર સમાજ ટકશે. એના ઘડતર પર આપણી સંસ્કૃતિની અસ્મિતા રહેશે. એના ઘડતર પર આપણી સંપત્તિનો વિકાસ કે વિનાશ થશે. એ ઘડતર પર આપણું પોતાનું સુખ અવલંબિત છે. બાળક સમગ્ર માનવજાતનો પિતા છે. કઈ રીતે ? તમે બાળકનો જેવો ઉછેર કરશો તેવા સંસ્કાર એ બાળક પોતાનાં સંતાનોમાં આપશે અને એ સંતાનો પોતાનાં બાળકોમાં અને એમ ક્રમ ચાલ્યા કરશે. બાળસંસ્કાર એટલે બાળકનું ઘડતર, સુખી કુટુંબની રચના, સ્થિર સમાજનો પાયો અને શાંતિમય વિશ્વનું સર્જન.

**બાળ સંસ્કારનું સિંચન :**

| | |
|---|---|
| (૧) માતા-પિતાના આચાર-વિચાર, આચરણ, શ્રેષ્ઠ નકલખોર, ઘરસભા, હેતુપૂર્ણ અભ્યાસ. | ૬૪ થી ૬૭ |
| (૨) બાળસંસ્કારનું વિધ્વંસક ટી.વી. : શારીરિક, શૈક્ષણિક તેમજ બૌદ્ધિક, આંતરિક અસર. | ૬૮ થી ૭૧ |
| (૩) તમારું ઘર એવું હોય કે- | ૭૨ |
| (૪) બાળસંસ્કાર માટે પ્રમુખસ્વામી મહારાજનું માર્ગદર્શન. | ૭૩ |

**૨. પ્રાર્થના એટલે શું ? પ્રાર્થનાના લાભ શા ? (૩૩, ૩૫)**

પ્રાર્થના એટલે અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ, ભાવાત્મક વાર્તાલાપ. ક્યારેક તેને વ્યક્ત કરવા આપણે શબ્દોનો આશ્રય લઈએ છીએ. યુગોથી માનવી પ્રાર્થનાથી જ પરમાત્મા સાથે તાર જોડતો આવ્યો છે. પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યે પ્રેમનો સ્વીકાર જેમાં સંપૂર્ણ સમર્પણ ભાવ હોય, દાસત્વ ભાવ હોય, ઊંચે ઊઠવાનો ભાવ હોય, પરમાત્મા સાથેના મિલનની ઝંખના હોય.

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે તો એક પશુ-ગજ પણ અંતરના આર્તનાદથી પરમાત્મા સાથે જોડાણ સાધી શકે છે, અવતરણ કરાવી શકે છે. ગજના ઉદ્ધાર માટે ભગવાને હરિ અવતાર ધારણ કર્યો એ જાણીતો પ્રસંગ છે. હાથીએ કઈ ભાષામાં પ્રાર્થના કરી હશે ?

**પ્રાર્થનાના લાભ :** પ્રાર્થનાથી પરમાત્મા પ્રત્યેનો પ્રેમ દૃઢ થાય છે, શુભ ભાવનાઓ અંતરમાં ઘૂંટાય છે. પ્રેમ હંમેશા આપતા શીખ્યો છે, માગતા નહીં. આવો શુદ્ધ પ્રેમ અંતરમાં પ્રગટ થતો જાય તેમ તેમ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના, સર્વત્ર આત્મીય ભાવના જાગૃત થાય છે. વ્યક્તિનાં આંતરિક માન, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે દોષોનું શમન થાય છે. આથી આંતરિક શાંતિ તો મળે જ છે, પરંતુ આંતરિક સંઘર્ષોને કારણે થતા શારીરિક રોગોનું પણ નિવારણ સહેજે થઈ જાય છે. કેનેડાના ડૉ. રોબર્ટ ક્લિફ એમના પુસ્તક 'Lesson in Living' માં કહે છે, 'રોગનાશ માટે શુભ ભાવના અગત્યની છે.' 'Every man's Search' માં શ્રીમતી રિબેકા બિયર્ડ કહે છે, ''એક મહિલા સંધિવાથી પીડાતી હતી. પતિનાં અશુદ્ધ અંગ્રેજી ઉચ્ચારણો એને કઠતાં. એ ચિંતા એને સતાવતી રહી. ડૉકટરે આ સ્ત્રી એના રોગથી મુક્ત થાય એ માટે પ્રાર્થના કરી અને એ સ્ત્રી પાસે પણ પ્રાર્થના કરાવડાવી, 'હે પરમેશ્વર ! હું મારા પ્રિયજનોને એમ નહીં કહું કે તેઓ આમ જ કરે કે તેમ જ કરે. એમની પાસે હું અપેક્ષા નહીં રાખું કે તેઓ મારી વાતોને શિરોમાન્ય કરે અને તેને જ અનુસરે. મને એવી શક્તિ આપો કે હું મારા પ્રિયજનોને માત્ર પ્રેમ કરું. કોઈ પણ અપેક્ષા વગર મારી માન્યતાઓ અનુસાર ચલાવવા માટે પરેશાન ન કરું.' અને સ્ત્રી રોગમુક્ત બની.'

'ભગવાને મારો ક્રોધ દૂર કર્યો, દુર્ભાવનાઓ અને ચિંતાનો નાશ કરી નાખ્યો છે. હું કદી ક્રોધ નહીં કરું. હું કદી ચિડાઈશ નહીં, હું કદી ડરીશ નહિ.' હાઈ બ્લડપ્રેશરનો દરદી આ પ્રકારની ભાવના દૃઢ કરે અને એ માટે ભગવાનને પ્રાર્થના કરે તો એનું બ્લડ-પ્રેશર ઓછું થઈ જાય છે. તો વળી, હૃદયરોગની દવા નિષ્કામ ભગવત્પ્રેમ છે એમ બતાવાયું છે.

આ રીતે પ્રાર્થના દ્વારા આંતરિક દોષો દૂર થતાં શરીરના રોગો દૂર થાય છે અને એથીયે વિશેષ તો કૌટુંબિક-વ્યાવહારિક ઝગડાઓનું શમન થઈ જાય છે તે લાભ છે. આ રીતે વ્યક્તિગત લાભ અને સામાજિક લાભ થાય છે. વિશ્વશાંતિનાં બીજ પ્રાર્થનાથી વવાય છે અને એમાંથી જ મોટું વૃક્ષ પલ્લવિત થાય છે.

યોગીજી મહારાજની ગુણગ્રાહક દૃષ્ટિ અભાવ, અવગુણ ને મોળી વાત ન કરવાની દૃઢતા અને મહિમાસભર તથા બળભરી વાતો કરવાની એમની જીવનશૈલી ભગવત્પ્રેમનું પ્રતિબિંબ પાડતી હતી. એમની અલમસ્તાઈ, એમનો દિવ્યપ્રેમ સૌને સ્પર્શી જતાં. એમની પ્રાર્થનામાં આ જ સૂરો પડઘાતા સંભળાય છે. ભગવત્પ્રેમ અહીં જ ભગવાનનું ધામ રચે છે. આમ, પ્રાર્થનાથી અંતરના દોષો દૂર થાય છે... અંતર શાંત થાય છે.... શારીરિક રોગો મટે છે... મન શાંત થતાં કૌટુંબિક

વ્યાવહારિક ઝઘડાઓ ઉત્પન્ન જ થતા નથી... વ્યક્તિ સુધરતાં સામાજિક લાભ થાય છે... વૈશ્વિક શાંતિનાં બીજ વવાય છે.. ભગવત્પ્રેમ ઉત્કટ બને છે.... અહીં જ ભગવાનનું ધામ ખડું થાય છે.... શાંતિ થાય છે...

**(વિભાગઃ ૨ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪**
**ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/ પાના નંબર દર્શાવે છે.**
**(૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. સત્સંગમાં ભક્તો-સંતોની નિષ્ઠાનું રક્ષણ અને પોષણ કરતા શ્રીજીમહારાજ**

૧. વીસનગરમાં લાલદાસ સૂબા પાસે સભામાં સૌની માફી મંગાવી આપેલી ક્ષમા. ૪/૯૦-૯૧
૨. નથુભટ્ટને પોતાના સ્વરૂપની ઓળખ આપી. નથુભટ્ટે દામોદરના પગમાં પડીને માંગેલી માફી. ૪/૧૦૨-૧૦૩
૩. 'આ સત્સંગ દિવ્ય છે.' 'અમારું અક્ષરધામ સંકલ્પ છે.' મહેમદાવાદની સભામાં હરિભક્તોને આપેલો ઉપદેશ. ૪/૧૭૩-૧૭૪
૪. પરમહંસોને હવે વૈષ્ણવી રીત રાખવાની આજ્ઞા. ૪/૧૮૮
૫. હરિભક્તોને વિઘ્ન કરતી વાસના ટાળવાનો ઉપાય બતાવતા શ્રીહરિ. ૪/૧૯૦
૬. અંતે સ્વરૂપનિષ્ઠાની જીત થશે. (પ્રાગજી દવેને ગૃહસ્થાશ્રમ માણવાની અને રસના ઇન્દ્રિયની ઇચ્છા તીવ્ર રહેતી તેના અનુસંધાનમાં મહારાજે કહ્યું.) ૪/૨૨૪
૭. પોતાનો રજોગુણ કાઢવો હોય તો ભગવાનને રજોગુણી ઠાઠ ધરાવવો. ૪/૨૨૪
૮. વૃત્તિ દ્વારે દૂર રહેલા ભક્તોને સેવતા અને તેમના મોક્ષમાર્ગની અખંડ રક્ષા કરતા. ૪/૩૪૬
૯. દહીં પણ નથી કર્યું અને છાશ પણ નથી કરી પણ અમારે જે તમારી પાસે કરાવવું હતું તે કરાવી લીધું. ૪/૩૯૫
૧૦. વનાશાને ઘેર સુંદરિયાણામાં રંગોત્સવ કરી વનાશાની નિષ્ઠાની કરેલી રક્ષા. ૪/૪૩૨ થી ૪૩૫
૧૧. આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળાધારણ કરવાથી સિદ્ધ થતો નથી. ૪/૫૨૩-૫૨૪
૧૨. જીવનું પોષણ અમારા સંબંધથી છે. (મૂળીના રાજુબાને ત્યાં કંસાર જમતા) ૪/૪૩૫
૧૩. વસ્તા ખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. ૪/૪૫૯ થી ૪૬૪
૧૪. સાચા હરિજન એ કહેવાય જે સંસારના સંકલ્પ-વિકલ્પથી હારી ન જાય. (રઘુવીરજી મહારાજના સેવક અર્જુનના ઘેર જવાના વિચારોનો કરાવેલો ત્યાગ) ૫/૨૦૧-૨૦૨
૧૫. લંગડા મીરના નિષ્કપટ ભાવથી રાજી થઈને માથે બે હાથ મૂકી આપેલા આશીર્વાદ. ૫/૨૫૨
૧૬. નિત્યાનંદ સ્વામીની સર્વોપરી સ્વરૂપ નિષ્ઠાની કસોટી કરી અને નિત્યાનંદ સ્વામી થાળની પ્રસાદી આપી. ૫/૨૮૧ થી ૨૮૪
૧૭. રોજકાના કાકાભાઈનો પત્ર વાંચતા માંદગી કોરે મૂકી રોજકા પધાર્યા. ૫/૪૨૧

**૨. શ્રીજીમહારાજની અંતિમ માંદગી.**

૧. સંતો ! આ છેલ્લો ઉત્સવ છે. ૫/૩૯૮
૨. મહારાજ સંતો તથા આચાર્યોને વરતાલ મોકલે છે. ૫/૩૯૯
૩. ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો - તમે જૂનાગઢ જાવ અને બ્રહ્માનંદ સ્વામીને મોકલો. ૫/૪૦૦-૪૦૧
૪. રઘુવીરજી મહારાજ રણછોડજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરે છે. ૫/૪૦૨
૫. બ્રહ્માનંદ સ્વામી આવી ગયા. ૫/૪૦૪
૬. આજે ખરેખર મહારાજ મા બની ગયા છે - મહારાજની ગંભીર જણાતી માંદગી ૫/૪૦૫-૪૦૬
૭. આ શું ઢોંગ માંડ્યા છે ? - પિતાંબર તો મિથ્યા ભગવાન હતો. ૫/૪૦૬ થી ૪૦૮
૮. મને મરેલો ધારીને પોક મૂકે છે - તમે જમશો એટલે અમે સારા થઈ જઈશું. ૫/૪૦૮ થી ૪૧૦
૯. અમે બેઠા છીએ ત્યાં જ અમારી આજ્ઞાનો લોપ કરો છો. ૫/૪૧૦ થી ૪૧૨
૧૦. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ જૂનાગઢ જવાની આજ્ઞા કરે છે. ૫/૪૧૨
૧૧. આ છેલ્લાં દર્શન છે. છેલ્લી પ્રસાદી છે - ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો. ૫/૪૧૩-૪૧૪

૧૨. ગજબ થઈ ગયો - કોઈ મરી ગયું છે. ૫/૪૧૫ થી ૪૧૭
૧૩. દાદાખાચરે નગારાં વગડાવ્યા. ૫/૪૧૭
૧૪. અમે હવે ધામમાં જવાના મનસૂબા કર્યા છે. ૫/૪૧૮
૧૫. આપ ધામમાં પધારશો તો આમાંથી કોણ જીવી શકશે ? ૫/૪૧૯
૧૬. આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે. ૫/૪૨૦
૧૭. સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે. ૫/૪૨૨
૧૮. અમે તમારાથી ક્યાં જુદા છીએ. ૫/૪૨૪
૧૯. એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. ૫/૪૨૬
૨૦. મંદિરને માથે પંદરસોનું દેવું છે - કારભારી ! લ્યો આ રૂપિયા. દેવું ચૂકવી દ્યો. ૫/૪૨૮ થી ૪૩૦
૨૧. વસમી વિદાયની આકરીપળ - તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે. ૫/૪૩૦-૪૩૧

**૩. શ્રીહરિ અને પરમહંસો વચ્ચે સ્નેહસંબંધ.**

૧. અમે તો આપના દાસ છીએ, સેવક છીએ. અમને આ પૂજા, માન, પ્રતિષ્ઠા ન જોઈએ. સદ્‌ગુરુઓની સ્થાપના સમયે મુક્તમુનિ. ૪/૮૫-૮૬
૨. આદરજમાં ચાર અને જેતલપુરમાં આઠ નીમાયેલા સદ્‌ગુરુઓની આજ્ઞામાં રહેવાનું સૌ સંતોએ સ્વીકાર્યું. ૪/૮૬,૧૦૪
૩. મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો. હીરાદાસ સ્વામીના શરીરનો એકપણ ભાગ એવો ન હતો જ્યાંથી માંસના લોચા બહાર નીકળ્યા ન હોય. ૪/૧૬૦-૧૬૧
૪. પરમહંસોને વૈષ્ણવી રીત રાખવાની આજ્ઞા. ૪/૧૮૮
૫. મુક્તાનંદ સ્વામીને સંતો શુદ્ધ વર્તે તે માટે વેદરસનો ગ્રંથ રચવાની આજ્ઞા. ૪/૨૧૧
૬. આનંદ સ્વામીને અમદાવાદમાં મંદિર કરવાની આજ્ઞા. ૪/૨૧૭
૭. પ્રેમાનંદ સ્વામીને 'વર્તમાન વિવેક' નો ગ્રંથ રચવાની આજ્ઞા. ૪/૨૧૯
૮. મુકતાનંદ સ્વામી સાથે બ્રહ્માનંદ સ્વામીના અબોલા - મહારાજનો ઠપકો. ૪/૨૨૧થી૨૨૩
૯. આપનો વિષમજવર અમારાં કાળજાં ભાંગી નાખે છે. મુક્તાનંદ સ્વામી પંચાળામાં. ૪/૨૮૪
૧૦. જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાવ - મુક્તાનંદ સ્વામીને. ૪/૩૯૬
૧૧. લ્યો અમારા જડભરત ! આ ધાબળો ! ૪/૪૦૮-૪૦૯
૧૨. વંદુ સહજાનંદ રસરૂપ..... કિર્તનની પ્રેમાનંદ સ્વામી એ કરેલી રચના. ૪/૪૩૬-૪૩૭
૧૩. સાહેબ સરીખા શેઠીયા, બસે નગ્રકે માંહી - બ્રહ્માનંદ સ્વામી. ૪/૪૩૯
૧૪. આપની કૃપાથી આ કામ ચાલતું રહ્યું છે. જ્યાં સુધી આપની દયાથી કામ ચાલે છે ત્યાં સુધી બીજો આધાર રાખવો નથી - બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરના બાંધકામ સમયે. ૪/૪૫૨
૧૫. આંબા શેઠના સંશયની નિવૃત્તિ કરતાં મુક્તાનંદ સ્વામી. ૪/૪૨૪-૪૨૮
૧૬. જંબુસરમાં ભાગવતની કથા કરવા ગયેલા વિજ્ઞાનાનંદ સ્વામી - આપના દિવ્ય ચરણારવિંદ છાતીમાં આપો. ૪/૪૬૫-૪૬૬
૧૭. સંપ્રદાયની પુષ્ટિ સાહિત્યથી થાય - બ્રહ્માનંદ સ્વામીને વરતાલ મંદિરના બંધનમાંથી છોડાવ્યા. ૫/૧૯
૧૮. મારા પગમાં ઊંડણ પાવડી જેટલી ઝડપ આવી ગઈ - મુનિ બાવા. ૫/૨૩
૧૯. 'સ્વામી તો અમારી મરજીના જાણનારા છે.' - જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી પાસે કરાવ્યું. ૫/૧૮૫

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. હીરાદાસનો મહારાજ પ્રત્યેનો અટલ નિશ્ચય.**

૧. સંતો માટે નવું પ્રકરણ - નવું પ્રકરણ પાળવા અસમર્થ - આજ્ઞા લઈ નીકળી ગયા. ૪/૧૫૯
૨. મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો. ૪/૧૬૦
૩. સ્વામિનારાયણ કા નામ મત લેના - આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. ૪/૧૬૧ થી ૧૬૩

**૨. જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા.**

| | | |
|---|---|---|
| ૧. | આ તારો રંગીલદાસ | ૫/૨૪૫ |
| ૨. | પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ - જૂનાગઢમાં મહારાજનું ભવ્ય સામૈયું. | ૫/૨૪૮-૨૪૯ |
| ૩. | બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે. | ૫/૨૫૦-૨૫૧ |
| ૪. | દીવાનના મનસૂબા ભાંગીને ભુક્કો થઈ ગયા ! - મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે. | ૫/૨૫૧ |
| ૫. | અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ. | ૫/૨૫૨ |
| ૬. | મહારાજ સ્વામીનું ગાદી-તકીયાથી સન્મન કરે છે - મહારાજના મુખારવિંદ ઉપર ભક્તિનો ભાવ પ્રકાશે છે. | ૫/૨૫૩ |
| ૭. | શ્રીહરિ જૂનાગઢના નવાબના મહેલમાં પધારે છે - નવાબ સાહેબને ત્રણ કુંવર થશે. | ૫/૨૫૫ |
| ૮. | સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ અહીં આવી સ્વામીનો સમાગમ કરવો. | ૫/૨૫૬ |

**૩. નિત્યાનંદ સ્વામીની સ્વરૂપનિષ્ઠા.**

| | | |
|---|---|---|
| ૧. | સત્સંગિજીવન ગ્રંથ રચવાનો પ્રારંભ - મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહેવાય જ કેમ ? | ૫/૨૮૦-૨૮૧ |
| ૨. | મહારાજ નિત્યાનંદ સ્વામીને દેશવટો આપે છે - નિત્યાનંદ સ્વામી સભાનું ભૂષણ હતા. | ૫/૨૮૧-૨૮૨ |
| ૩. | નિત્યાનંદ સ્વામી પાછા આવે છે - ઉપાસક તો આવા જ હોવા જોઈએ. | ૫/૨૮૩ |

**૪. અરદેશર કોટવાલની નિષ્ઠા**

| | | |
|---|---|---|
| ૧. | તમારા બધાના સંગથી, મુનિબાવાના ઉપદેશથી અરદેશર શેઠને સત્સંગ થયો છે. ભારે મુમુક્ષુ છે. | ૫/૨૮ |
| ૨. | મહારાજ અરદેશર શેઠનું સન્માન કરે છે - ખુદા હોય તેમનામાં વિવેક, નમ્રતા હોય છે. | ૫/૩૫-૩૬ |
| ૩. | અરદેશરની વાડીમાં પધરામણી સમયે શેઠ અને મહારાજ વચ્ચે પ્રશ્નોત્તરી - અરદેશરે સ્વીકારેલું મહારાજનું શરણ. | ૫/૪૮ |
| ૪. | મહારાજે અરદેશરને આપેલી પાઘ - અરદેશરની મહારાજે કરેલી રક્ષા | ૫/૪૯,૫૦ |

**(વિભાગ: ૩ નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા,સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **સંઘ ચેતનાના મહારથી : શાસ્ત્રીજી મહારાજ :** અસરકારક નેતાની આગવી વિશેષતા સંઘશક્તિ - ટીમ સ્પીરીટ ઉત્પન્ન કરવાની ક્ષમતા - વડતાલથી નીકળેલા ત્યારે પાંચ સંતો અને મુઠ્ઠીભર હરિભક્તો વડે શું સિદ્ધ કરશે ? સમર્થ સંત નિર્ગુણદાસ સ્વામીથી લઈ નાની ઉંમરના અક્ષરજીવનદાસ, રાષ્ટ્રીય નેતા નંદાજીથી લઈને વાસણ ઉટકનાર ધૂળા ભગત તેમની પાસે કાર્ય કરાવવું એક સૂત્રે ચોક્કસ હેતુ, ધ્યેય મેળવવા એક અસ્મિતાથી કાર્ય કરતા કર્યા - આણંદમાં સૌ પ્રથમ થયેલો ફાગણ પૂનમનો સમૈયો - બોચાસણમાં મંદિર બાંધવાનો નિર્ણય - રૂા. ૪૦,૦૦૦ની લખણી - શાસ્ત્રીજી મહારાજના સંતો - ભક્તોએ કમર કસીને દેહના કૂચા બોલાવી દીધા - જોતજોતામાં એક નહિ પાંચ મંદિરો તૈયાર થયા - નિર્ગુણ સ્વામીએ પત્રો લખી સત્સંગ વિકાસમાં આપેલો ફાળો - યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી ૮૮ વર્ષની ઉંમરે પણ અહોરાત્રિ પુરુષાર્થ - શીલ - દરેક સભ્ય વચ્ચે અતૂટ આત્મીયતા - એક પરિવારનું અજોડ અધ્યાત્મ દર્શન કરાવ્યું છે.

૨. **પ્રમુખસ્વામી મહારાજનું વ્યસન મુક્તિ આંદોલન :** ૨૩,૦૦૦ બાળકોએ જગાવેલી વ્યસન મુક્તિની આહલેક - આયોજન - સંપર્ક - વ્યસનમુક્તિ રેલી - સાંસ્કૃતિક કાર્યક્રમ અને શેરી સંવાદ - વ્યસન મુક્તિ પ્રદર્શન - વિડિયો શો - વ્યસનમુક્તિ સમૂહ સંપર્ક અને સભાઓ - નાના બાળકોના અદ્‌ભૂત તર્ક - બાળકોનું સંતત્વ - મહાનુભાવોના અભિપ્રાયો.

૩. **સુખ-દુઃખનાં દ્વન્દ્વોમાં માર્ગદર્શિકા - શિક્ષાપત્રી :** શ્રીજીમહારાજે ૨૧૨ નિયમોરૂપી સુદર્શનચક્ર પોતાના ભક્તોની રક્ષામાં મૂક્યા છે. સરદાર પટેલ કહેતાં કે જો આ નિયમોનું પાલન થાય તો ભારતમાં પોલીસની કે કોર્ટની જરૂર ન રહે - કેવી રીતે બેસવું - ક્યાં જવું ? કેવા માર્ગે જવું ? વ્યવહાર કેવી રીતે ચલાવવો ? - ક્યાં દાતણ કરવું - અરે ! ક્યાં થૂંકવું તે પણ તેમણે તેમાં બતાવ્યું - વ્યવહારિક માર્ગથી શરૂ કરી આધ્યાત્મિક માર્ગદર્શન - દુઃખમાંથી કેમ કરીને બહાર નીકળવું. તેનો રસ્તો શિક્ષાપત્રી બતાવે છે. સુખમાં વ્યવહારમાર્ગે કેવી રીતે રહેવું જોઈએ તો સુખ લાંબો સમય રહે તેનું મર્ગાદર્શન પણ શિક્ષાપત્રી કરે છે. - સગાભાઈ - પિતા-પુત્ર સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે પણ બતાવે છે. આમ, જીવનના દરેક માર્ગ પર શિક્ષાપત્રી માર્ગદર્શિકા છે. આચારશુદ્ધિ, આહારશુદ્ધિ, વ્યવહારશુદ્ધિનો ગ્રંથ, આધ્યાત્મિક માર્ગદર્શિકા - ૧૧૬મો શ્લોક.

❑ ❑ ❑